# <u>પ્રકરણ - ૧૫</u>

# <u>(નિયમ સંગ્રહ-૧૪)</u>

# <u>કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો:</u>

આ કોર્પોરેશન દ્વારા વિવિધ યોજનાકીય / તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જેમાં બેન્કેબલ યોજના, રાજ્ય સરકાર સહાયિત સીધા ધિરાણની યોજના હેઠળ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત તાલીમ આપવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. જે તમામ કાર્યક્રમો અન્વયે ધિરાણ/ સહાય/ તાલીમ મેળવવા માટે નીચે મુજબના ધોરણો નક્કી થયેલ છે.

૧. અરજદાર અનુસૂચિત જાતિના વ્યક્તિ અને ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.

૨. અરજદારની ઉંમર બેન્કેબલ યોજના ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. રાજ્ય સરકાર સહાયિત યોજના હેઠળ અરજદારની ઉંમર વધુમાં વધુ ૫૦ વર્ષ હોવી જોઈએ.

૩. અરજદાર જે તે કાર્યક્રમ અન્વયેની ઠરાવેલ આવક મર્યાદામાં આવવા જોઈએ.

| કાર્યક્રમનું નામ | આવક મર્યાદાનું ધોરણ | |
|---|---|---|
| | ગ્રામ્ય વિસ્તાર માટે | શહેરી વિસ્તાર માટે |
| બેન્કેબલ યોજના | રૂ. ૧,૨૦,૦૦૦/- | રૂ. ૧,૫૦,૦૦૦/- |
| રાજ્ય સરકાર સહાયિત યોજના | રૂ. ૬,૦૦,૦૦૦/- | રૂ. ૬,૦૦,૦૦૦/- |

૪. અરજદાર ધંધો કરવા શક્તિમાન હોવા જોઈએ અને તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર ન હોવા જોઈએ.

૫. અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજ્ય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં નોકરી કરતા ન હોવા જોઈએ.

૬. વાહનની યોજના અન્વયે અરજદાર જે તે વાહન ચલાવવાનો અધિકૃત લાયસન્સ ધરાવતા હોવા જોઈએ તેમજ ધંધાને અનુરૂપ અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૭. તાલીમ કાર્યક્રમ અન્વયે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૮. અરજદારે સરકારશ્રીના કોઈ પણ કાર્યક્રમ હેઠળ અગાઉ ધિરાણ/ સહાય મેળવેલ હોવો ન જોઈએ.